**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૮/૨/૨૦૧૭ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૪૧૬/૧૭**
**વટવા પોલીસ સ્ટેશન :**

### પ્રેસનોટ

મે.મ.પો.કમી શ્રી "જે" ડીવીઝન સાહેબ તથા વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઇંસ્પેકટર શ્રી જે.આર.ઝાલા સાહેબ નાઓની સુચનાથી તા.૨૩/૦૨/૧૭ ના રોજ પો.સ.ઇ એચ.સી.ઝાલા તથા સાથેના પોકો ઉપેન્દ્રસિંહ દશરથસિંહ બનં ૨૦૭૩ તથા પોકો દેવેન્દ્રસિંહ વેલુભા બનં ૨૩૧૫ તથા પોકો વિષ્ણુભાઇ બાબુભાઇ બ.નં.૨૫૫ તથા પો.કો.હીતેશભાઇ નાગજીભાઇ ૦૪૬ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા અને ફરતા ફરતા કલાક ૦૦/૪૫ વાગે વાંદરવટ તળાવ પીડી પંડ્યા રોડ મસાણી માતાના મંદીર પાસે આવતા તેઓના ખાનગી બાતમીદાર પાસેથી બાતમી હકીક્ત મળેલ કે એક સીએનજી ઓટો રિક્ષા નં. જીજે-૨૭-ડબલ્યુ-૧૬૫૮ માં ચાર ઇસમો કેટલોક ચોરીનો સામાન લઇ ચાર માળીયા તરફથી આવી વાંદરવટ તળાવ પીડી પંડ્યા રોડ મસાણી માતાના મંદીર થઇ કેનાલ તરફ જનાર છે જે બાતમી હકીકત આધારે ઓટો રિક્ષાની વોચમાં રહી રિક્ષામાં બેઠેલ ચારેય ઇસમો **નં.(૧) મોહંમદ રફીક એહજાઝખાન પઠાણ ઉવ.૩૦ રહે, અલીફનગર કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર તથા નં. (૨) સાહબાઝખાન દીલાવરખાન બલોચ ઉવ.૨૦ રહે, અમ્મા મસ્જીદની સામેના છાપરા બસીર કરીયાણા સ્ટોરની આગળ શાહઆલમ અમદાવાદ તથા નં.(૩) મહંમદસફી બાબુભાઇ અંસારી ઉવ.૨૫ રહે, મ.નં.૪૯, ખ્વાજા નગરની સામે કેનાલ રોડ વટવા અમદાવાદ તથા નં. (૪) સાબીર ઉસ્માનગની રંગરેજ ઉવ.૪૫ રહે, જહાંગીરનગર આમીના મસ્જીદ પાસે સૈયદવાડી વટવા અમદાવાદ શહેર** નાને ઓટો રિક્ષા નંબર જી જે ૨૭ ડબ્લ્યુ ૧૬૫૮ તથા બે ભારતગેસના સિલીન્ડર સાથે પકડી સદર ભારતગેસના સિલીંડર બાબતે તપાસ કરતા વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૫૬/૨૦૧૭ ધી ઇ પી કો કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબથી ગુનો રજીસ્ટર થયેલ હોય સદરી **ભારતગેસના સિલીન્ડર નંગ-૨ જેની કિંમત રૂ.૧૦૦૦/-** તથા સીએનજી ઓટો રિક્ષા નં. જીજે-૨૭-ડબલ્યુ-૧૬૫૮ જેની કિં.રૂ ૨૫૦૦૦/૦૦ ગણી સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરેલ અને સદરી ઇસમોને સીઆરપીસી કલમ૪૧(૧) (આઇ) મુજબ તા.૨૩/૦૨/૨૦૧૭ ના કલાક. ૦૨/૧૫ વાગે અટક કરેલ

બાદ આ કામે આરોપીઓ ને વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૫૬/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબના ગુનાના કામે તા-૨૩/૦૨/૨૦૧૭ ના કલાક-૧૭/૩૦ વાગે કરી સદરી ગુનાના કામે તપાસ દરમ્યાન આ કામના આરોપી (૧) મોહંમદ રફીક એહજાઝખાન પઠાણ નાની પાસેથી ચોરીમાં ગયેલ **રોકડ રૂપિયા ૪૦૦૦/-** બે પંચો રૂબરૂ પંચનામા વિગતે કબજે કરેલ તેમજ

આ કામે તપાસ દરમ્યાન આરોપી (૪) સાબીર ઉસ્માનગની રંગરેજ નાને સાથે રાખી બે પંચો રૂબરૂ ડીસ્કવરી પંચાનામુ કરતા સદરીના મકાનમાંથી **બે ભારત ગેસના બાટલા કિંરૂ.૧૦૦૦/- ગણી** કબ્જે કરી મુદામાલ પાવતી નં.૯૪ થી મુદામાલ જમા લીધેલ

બાદ આ કામે સહ આરોપી મોહંમદ જાવેદ મોહંમદ રફીકભાઇ સૈયદ નાનો અત્રે આવી સામે ચાલી હાજર થઇ ચોરીનો ખરીદેલ ઇંડેન ગેસનો બાટલો રજુ કરતો હોય જે બે પંચો રૂબરૂ **ગેસનો બાટલો કિંરૂ.૫૦૦/- ગણી** કબ્જે કરી સદરી આરોપીને તા.૨૪/૦૨/૨૦૧૭ ના કલાક.૧૧/૦૦ વાગે પકડી અટક કરેલ છે.

બાદ આ કામે તપાસ દરમ્યાન આરોપીઓએ **વટવા પો.સ્ટેશન ૪૪/૧૭ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦, મુજબ**ના ગુનાની કબુલાત કરેલ અને આરોપી નં.(૧) મોહંમદ રફીક એહજાઝખાન પઠાણ



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ઉવ.૩૦ રહે, અલીફનગર કેનાલ રોડ વટવા અમદાવાદ શહેરનાને સાથે રાખી બે પંચો રૂબરૂ ડીસ્કવરી પંચાનામુ કરતા સદરીના મકાનમાંથી **રોકડા રૂપિયા ૧૦૦૦૦/- કબ્જે** કરી તપાસ અર્થે જમા લીધેલ.

બાદ આ કામે આરોપીઓને વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૪૪/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબના કામે તા-૨૫/૦૨/૨૦૧૭ ના કલાક-૨૦/૩૦ વાગે પકડી અટક કરેલ

બાદ આ કામે તપાસ દરમ્યાન આરોપીઓએ **ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૦/૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો** ગુનો કરેલ હોવાની કબુલાત કરતા હોય અને ગુનાના કામે ચોરી કરેલ ઇંડેન ગેસના બે બાટલા આરોપી મહંમદસફી બાબુભાઇ અંસારી ઉવ.૨૫ રહે, મ.નં.૪૯, મીમનગર ખ્વાજાનગરની સામે કેનાલ રોડ વટવા અમદાવાદનાએ પોતાના ઘરે રાખેલ જે બાતવતો હોય પંચો રૂબરૂ આરોપીના ઘરેથી ઇંડેન ગેસના બે બાટલા કિંરૂ.૧૦૦૦/- ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે.

**શોધાયેલ ગુનાની વિગત**

| અનુ | ગુ.ર.નં. તથા કલમ | ચોરાયેલ મુદામાલ | રિકવર મુદામાલ | અટક કરેલ આરોપીઓ ની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | વટવા પો.સ્ટેશન ફ.ગુ.ર.નં.૫૬/૧૭ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪, ૪૧૧ મુજબ | સોના ચાંદીના દાગીના તથા રોકડ તેમજ પાંચ ગેસના બાટલા મળી કુલ્લે રૂ ૨૭,૫૦૦/- ની મતાની | પાંચ ગેસના બાટલા કિંરૂ.૨૫૦૦/- તથા રૂપિયા ૪૦૦૦/- રોકડા મળી કુલ્લે કિંરૂ.૬૫૦૦/- | ૦૫ |
| ૨ | વટવા પો.સ્ટેશન ફ.ગુ.ર.નં.૪૪/૧૭ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪, ૪૧૧ મુજબ | રોકડા રૂ.૧૫,૦૦૦/- તથા એલ.ઇ.ડી કિંરૂ.૨૦૦૦૦/- તથા સોના ચાંદીના દાગીના મળી કુલ્લે રૂ.૪૮૦૦૦/- ની મતા | રોકડા રૂપિયા ૧૦,૦૦૦/- | ૦૪ |
| ૩ | ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૦/૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબ | બે ઇંન્ડેન ગેસના બાટલા કિંરૂ.૨૫૦૦/- | બે ઇંડેન ગેસના બાટલા કિંરૂ.૧૦૦૦/- | ૦૪ |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચાંદખેડા પોલીસ સ્ટેશન :</u>**

ગઈકાલ તારીખ ૨૭-૦૨-૨૦૧૭ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ૨૭/૨૦૧૭ થી જાણવાજોગ દાખલ થયેલ જેમાં હકીકત એવી છે કે, ચાંદખેડા પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ. એચ. બી. ચાવડા તથા સ્ટાફના માણસોને બાતમી હકીકત મળેલ કે, એક સફેદ કલરની ઈન્ડીકા વિસ્ટા ગાડી જેનો આર.ટી.ઓ.નં.જીજે.૦૨.એપી ૫૫૨૮ માં બે ઈસમો પોતાની પાસે જુની ચલણી નોટોનો જથ્થો લઈ ઝુંડાલ સર્કલ તરફથી આવી અત્રે થઈ સાબરમતી તરફ જનાર છે જેના આધારે બે પંચોના માણસો બોલાવી સમગ્ર હકીકત થી વાકેફ કરી તેઓ પંચમાં રહેવા સ્વખુશી દર્શાવતા સ્ટાફના માણસો તથા પંચો ઉપરોક્ત જગ્યાએ છુટા છવાયા વોચમાં સદરી જગ્યાએ હાજર રહ્યા બાદ થોડીવાર પછી ઉપરોક્ત નંબરની ઈન્ડીકા ગાડી ઝુંડાલ સર્કલ તરફ થી આવતા જણાતાં જે પંચો તથા સ્ટાફને ઈશારાથી બતાવી જેઓને નજીક આવવા દઈ જે ગાડીને કોર્ડન કરી રોકી લઈ રોડની સાઈડમાં ઈલેક્ટ્રીક બત્તીના અજવાળે લઈ જઈ બન્નેને ગાડીમાંથી નીચે ઉતારી બન્નેના વારા ફરથી નામ ઠામ પુછતા સદર ગાડી ચાલક નાએ પોતાનું નામ **હરેશભાઈ આશાભાઈ જાતે-પટેલ** ઉ.વ.૩૪ રહે, ગામ – કેશવગંજ તા.વડાલી જી.સાબરકાઠાં નાનુ હોવાનુ જણાવેલ બાજુમાં બેઠેલ ઈસમનું નામ ઠામ પુછતા તેણે પોતાનું નામ **વજાભાઈ ભીખાભાઈ જાતે-ભોભી** ઉ.વ.૪૨ રહે,ગામ –મેઘ તા.વડાલી જી. સાબરકાંઠા નાનો હોવાનું જણાવેલ બાદ સદર ગાડીની પાછળની સીટ ઉપર કાળા લાલ કલરની ભગવતી જવેલર્સ લખેલી કાપડની થેલી બાર કાઢી જે થેલી માં ચેક કરતા જેમાં કેટલીક જુની ચલણી નોટો મળી આવેલ જે જોતા ૧૦૦૦/-ના દરની ૧૦૦ નોટોના બે બંડલ તથા ૧૦૦૦/-ના દરની ૩૯ નોટોનું એક બંડલ મળી આવેલ જે કુલ્લે રૂ.૨,૩૯,૦૦૦/- રોકડા તથા ૫૦૦/-ના દરની ૧૦૦ નોટોના બાર બંડલ તથા ૫૦૦/- ના દરની ૬૬ નોટોનુ એક બંડલ મળી આવેલ જે કુલ્લે રૂ.૬,૩૩,૦૦૦/- રોકડા મળી આવેલ જે ૧૦૦૦/-ના દરની તથા ૫૦૦/- ના દરની જુની નોટો કુલ્લે રુ.૮,૭૨,૦૦૦ મળી આવેલ સદરી બન્નેની અંગઝડતી કરતા નં. (૧) હરેશભાઈ આશાભાઈ પટેલ નાની અંગઝડતી માંથી એક ગોલ્ડન કલરનો એ-૭ સેમસંગ કંપનીનો મો.ફોન કિં,રૂ ૧૦,૦૦૦/- નો મળી આવેલ તથા નં.(૨) વજાભાઈ ભીખાભાઈ ભોભી નાની અંગઝડતી માંથી એક સફેદ કલરનો GT-E1200Y સેમસંગ કંપનીનો મો.ફોન કિં. રૂ ૫૦૦/- ની મત્તાનો મળી આવેલ બાદ સદરી ગાડી જોતા ટાટાકંપનીની સફેદ કલરની ઈન્ડીકા

વિસ્ટા જેની આગળ પાછળ આર.ટી.ઓ નં.જીજે.૦૨.એ.પી.૫૫૨૮ની કિં,રૂ.૧,૦૦,૦૦૦/- મત્તાની મળી આવેલ જેથી સદરી બન્ને ઈસમોને આ જુની ચલણી નોટો રૂ,૮,૭૨,૦૦૦/- ની મત્તાની લઈ આવવા બાબતે પુછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ આપતા ન હોય અને ગલ્લા તલ્લા કરતા હોય સદરી નાણાં રૂ,૮,૭૨,૦૦૦/- તથા બે મોબાઈલ કિં,રૂ,૧૦,૫૦૦/- તેમજ ઈન્ડીકા વિસ્ટા ગાડી ની કિં,રૂ,૧,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ,૯,૮૨,૫૦૦/- નો મુદ્દામાલ પંચનામા વિગતે તપાસ અર્થે કબજે લઈ સદરી બન્ને ઈસમો ને સીઆરપીસી ૪૧ (૧) (ડી) મુજબની તા.૨૭/૦૨/૨૦૧૭ ના કલાક ૨૨/૪૫ વાગે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. જે આપ સા. મે. ને વિદિત થાય. તા.૨૮/૦૨/૨૦૧૭

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)